ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૬ ટકા

# ફલેટનાં ત્રીજે માળથી પટકાતા દોઢ વર્ષના બાળકનું મૃત્યુ

## સરગાસણનાં સૌંદર્ય ૪૪૪ ફલેટમાં બપોરે બનેલી ઘટનાઃ સોસાયટીમાં ગમગની : ફુલ જેવુ બાળક ત્રીજે માળ બેડરુમની બારીમાંથી નીચે પડી જતા અરેરાટી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીક સરગાસણ ખાતે આવેલા સૌંદર્ય ૪૪૪ ફલેટમાં આજે બપોરે કરૂણાંતિકા સર્જાઇ હતી. ફલેટનાં ત્રીજે માળે બેડરૂમની બારીમાંથી ફુલ જેવુ દોઢ વર્ષનું બાળક નીચે પડી જતા સન્નાટો છવાઇ ગયો હતો. બાળકને અત્યંત ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઇ જવામાં આવ્યુ પરંતુ તબિયત ખુબ જ નાજુક જણાતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ રિફર કરવામાં આવ્યુ હતુ. ત્યા ટ્રોમા સેન્ટરમાં જ આ ઘવાયેલા બાળકનું કરુણ મૃત્યુ નિપજતા અરેરાટી મચી જવા પામી હતી. આ ઘટનાથી પરિવાર તથા સોસાયટી વિસ્તારમાં ગમગીની છવાઇ જવા પામી છે. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ઘટનાની તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગરને અડીને આવેલા સરગાસણ ખાતે સ્થિત સૌંદર્ય ૪૪૪ ફલેટમાં આ ઘટના બનવા પામી હતી. માતા મહેસાણાનાં એક ગામમાંથી પોતાના દોઢ વર્ષનાં બાળક હેત સંજયભાઇ બારોટને લઇને સરગાસણ ખાતે આ ફલેટમાં પોતાના પિયરમાં આવી હતી. પિયર ત્રીજે માળે છે અને મકાનનાં બેડરૂમની બારી બહાર સેફટી ગ્રીલ લગાવાયેલી ન હતી. આ બારી સામાન્ય સંજોગોમાં બંધ જ રાખતા હોય છે પરંતુ બેડરૂમનો પંખો બંધ થઇ ગયો હોવાથી આ બારી ખોલી હતી અને વાયરમેનને પંખો રિપેર કરવા બોલાવ્યો હતો. માતા બપોરે રસોડામાં કામ કરતી હતી ત્યારે દોઢ વર્ષનો એકનો એક દિકરો હેત રમતો રમતો બેડરૂમમાં પહોંચી ગયો હતો અને ખુલ્લી બારી પાસે રમતા રમતા ત્રીજે માળથી નીચે પડી ગયો હતો. ત્રીજે માળથી નીચે પટકાયેલા ફુલસમા બાળક હેતને લોહીલુહાણ હાલતમાં તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઇ જવાયો હતો પરંતુ તેની હાલત અત્યંત ગંભીર જણાતા તબીબે તેને અમદાવાદ સિવિલ હોસ્પિટલ રિફર કર્યો હતો. અમદાવાદ સિવિલ હોસ્પિટલનાં ટ્રોમા સેન્ટરમાં તબિબી પરિક્ષણ થયુ ત્યા સુધીમાં હેતનું પ્રાણ પંખેરૂ ઉડી ગયુ હતુ. પરિવારજનો ઉપરાંત હોસ્પિટલમાં તથા સોસાયટીમાં આ ઘટનાથી શોકની કાલીમા છવાઇ જવા પામી છે.



## પૂરગ્રસ્ત બાળકોને સ્મિત ફાઉન્ડેશન દ્વારા ચોપડાં-કપડાંનું દાન





ગાંધીનગર, તા.૨૫

તાજેતરમાં બનાસકાંઠામાં અતિવૃષ્ટિના કારણે સર્જાયેલી તબાહીથી હજ્જારો પરિવારો બેઘર થઈ જવા પામ્યા છે. આ પરિવારોને સરકાર તથા અન્ય સામાજિક, સેવાભાવી સંસ્થાઓ દ્વારા બેઠા થવા મદદ પુરી પાડવામાં આવી છે. પરંતુ આ પરિવારોના બાળકોના શિક્ષણ પર માઠી અસર પહોંચી છે. આ બાળકોને શિક્ષણ માટે ઉપયોગી જરૂરી ચીજવસ્તુઓની કીટ પુરી પાડવાનું મિશન સ્મિત ફાઉન્ડેશન દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

બનાસકાંઠાના ખારીયા, ટોટાણા, ખાનપુર જેવા ગામોમાં વિદ્યાર્થીઓને ૧૨ નંગ ચોપડા પુરા પાડવામાં આવ્યા હતા. વળી આ વિસ્તારમાં જે બાળકોના દફતર પૂરમાં તણાઈ ગયા છે તેમના માટે પણ ૫૦૦ ડઝન ચોપડાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ સાથે ગરીબ બાળકોને કપડાં સહિત અન્ય જરૂરી ચીજવસ્તુઓ પણ પુરી પાડવામાં આવી રહી છે.

## આપણું ફાઉન્ડેશન પ્રેરિત ટેલેન્ટ શૉ-ગજોત્સવ મંત્રમુગ્ધ કરશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં સેકટર-૨૨ ખાતે આયોજિત સાર્વજનિક ગણેશ ઉત્સવની લોકપ્રિયતા ખૂબ છે. ગત વર્ષે આ ગણેશ ઉત્સવમાં આપણું ફાઉન્ડશન દ્વારા શહેરની સરકારી પ્રાથમિક શાળાના બાળકોનો અનોખો ટેલેન્ટ શૉ રજૂ કરાયો હતો. જેને સાર્વત્રિક આવકાર પ્રાપ્ત થયો હતો. આ વર્ષે ફરી એકવાર તા. ૨૯મી ઓગસ્ટના રોજ સેકટર-૨૨માં રંગમંચ ખાતે રાત્રે ૮ કલાકે આયોજિત સાર્વજનિક ગણેશોત્સવમાં સરકારી પ્રાથમિક શાળાના આર્થિક રીતે નબળા અને જરૂરિયાત મંદ વર્ગના બાળકોનો 'ટેલેન્ટ શો-ગજોત્સવ' યોજાશે. જેમાં આ વખતે આદર્શ નિવાસી શાળાના બાળકો તથા સ્પેશિયલ ચિલ્ડ્રન હોમના બાળકો પણ જોડાશે.

સરકારી શાળામાં ભણતા જરૂરિયાતમંદ વર્ગના બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતઓને બહાર લાવવાના હેતુસર આપણું ફાઉન્ડેશન દ્વારા ટેલેન્ટ શૉ-ગજોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટેલેન્ટ શૉમાં ૧૦૦ જેટલા બાળકો ભાગ લઈ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરશે. જેમાં ગણેશ વંદના, ફેશન શૉ, સિંગિગ, તબલા, સેન્સર કાર, ક્રિશ્ના ડાન્સ, મારવાડી ડાન્સ, ટીપ્પણી ડાન્સ, રીંગ ડાન્સ, પ્રાચીન ગરબો, બોલિવુડ ડાન્સ, ભરતનાટયમ સહિતનો સમાવેશ થાય છે. આ વર્ષે પણ બાળકો નગરજનોને મંત્રમુગ્ધ કરશે તેવો આપણું ફાઉન્ડેશન દ્વારા આત્મવિશ્વાસ વ્યકત કરાયો છે.

## સે-૩૦ બસ સ્ટેન્ડ પાસેથી અજાણ્યા આધેડનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરનાં સેક્ટર-૩૦ ખાતે બસ સ્ટેન્ડ પાસે આશરે ૪૨ વર્ષનાં બિનવારસી આધેડનો મૃતદેહ પડ્યો હોવાની માહિતી પોલીસને મળતા સે-૨૧ પોલીસ સ્થળ પર પહોંચી ગઇ હતી. રંગે શ્યામ વર્ણનાં અને બ્લ્યુ જીન્સ તથા આખી બાયનો બ્લેક શર્ટ પહેરેલ આ અજાણ્યા આધેડનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પોલીસે તેની ઓળખ માટે તજવીજ શરુ કરી છે. જો કે પ્રાથમિક પુછપરછમાં ભીક્ષુક જેવો દેખાતો આ આધેડ સે-૨૧ આસપાસ ઘણા સમયથી ભીખ માંગતો હોવાનું ધ્યાને આવ્યુ છે. તો બીજી તરફ કોબા થી ઈન્દીરાબ્રિજ જતા રસ્તામાં આવતા એપોલો સર્કલ પાસેથી પણ એક અજાણ્યા આધેડની બોડી બિનવારસી મળી આવી હતી. આશરે ૪૦ થી ૪૫ વર્ષનાં અજાણ્યા આધેડનો આજે બપોરનાં અરસામાં અર્ધનગ્ન હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલીસને આ ઘટના અંગે જાણ થતા કોબા ચોકીમાંથી પોલીસ સ્થળ પર પહોંચી ગઇ હતી અને માનસિક બિમાર જેવા દેખાતા આ આધેડનાં મૃતદેહને પી.એમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

## સોમવારે સરગાસણથી અંબાજી જવા સંઘ પ્રસ્થાન કરશે

ગાંધીનગર, તા.૨૫

સરગાસણ પગપાળા યાત્રા સંઘ આગામી તા. ૨૮ ઓગસ્ટને સોમવારના રોજ સવારે અંબાજી જવા પ્રસ્થાન કરશે અને તા.૨ સપ્ટેમ્બરને શનિવારના રોજ સાવરે ૯ કલાકે અંબાજી માતાજીના મંદિરે દર્શન કરીને ધજા ભકતો ચઢાવશે. સરગાસણ ગામના અંબાજી પગપાળા સંઘનો ૨૪માં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે. તા.૨૮ થી સરગાસણથી નીકળનાર સંઘ વૈજનાથ મહાદેવ મંદિર, મહાકાલી માતાજી મંદિર વાગોસણા, પટેલ ફાર્મ લાછડી કડા હાઈવે, રાજપૂત ભવન વિસનગર, ભૈરવવાડી સૂઢીયા, ખેરાલુ પી.ડબલ્યુ.ડી.ગેસ્ટ હાઉસ ખાતે રોકાણ કરશે ત્યાથી આગળ વધતા સંઘ ભારતીય હિન્દુ સંસ્કૃતિ પરિષદ ટીંબા, પટેલ સમાજ વાડી, સતલાસણા, દાંતા, ધાંગ્રધા તાલુકા અંબાજી ટ્રસ્ટ ધર્મશાળા ખાતે રોકાણ બાદ સીધા તા. ૨ ના રોજ અંબાજી પહોંચશે.

## @ગાંધીનગર

● શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા નહેરૂ યુવા કેન્દ્ર ગાંધીનગરના સૌજન્યથી બેસ્ટ સીંગર ઓફ સીટી હિન્દી ફિલ્મી ગીત સ્પર્ધા યોજાશે.

● સે-૫ સાર્વજનિક ગણેશ ચતુર્થી મહોત્સવ દ્વારા બપોરે ૧ કલાકે ભાવનાબેન ગોકલાણી દ્વારા આનંદનો ગરબો અને રાત્રીના ૮.૩૦ કલાકે સંજયભાઈ ગોસ્વામી દ્વારા સુંદરકાંડના પાઠ યોજાશે.

● સોમનાથ મહાદેવ મંદિર સમિતિ આયોજીત ગણેશ મહોત્સવમાં રાત્રિના ૮.૩૦ કલાકે સલીલ મહેતા સુરીલી સરગમ કાર્યક્રમ યોજશે.

● સે-૩-ડી યુવક મિત્ર મંડળ દ્વારા ગણેશ મહોત્સવમાં કસુંબલ ડાયરો યોજાશે.

● વિનાયક યુવક મંડળ સે-૫-બી દ્વારા ગણેશ મહોત્સવમાં ધો-૧ થી ૩ના વિદ્યાર્થીઓ માટે લોટ પીપર, ૩૦ મીટર દોડ, જજમેન્ટ ગેમ અને ધો-૪ થી ૭ માટે લીંબુ ચમચી, દોરડા કુદ, ધો-૮ થી વધુ માટે સંગીત ખુરશી જેવી રમતો યોજાશે.

● ગણેશ ઉત્સવ ગોગા મંડળ તરફથી સે-૫-બી શોપીંગ સેન્ટરમાં ભાવનાબેન ગોકલાણીનો આનંદનો ગરબો બપોરે ૧ થી ૩ કલાક દરમિયાન યોજાશે.

● યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાત્રે ૮ કલાકે ત્રિલોકનાથ સેવા ટ્રસ્ટ દ્વારા સુંદરકાંડનો મહાપાઠ પ્રદીપભાઈ અને ધર્મેન્દ્રસિંહ ઠાકુરની વ્યાસપીઠે યોજાશે.

● સે-૨૨ જૈન દેરાસર દ્વારા પર્યુષણ પર્વ નિમિત્તે સવારે ૮.૩૦ કલાકે તપસ્વીઓના સામૂહિક પારણા કરાવાશે.

● શ્રી એસ.આર.બી. ગ્રુપ ગાંધીનગર દ્વારા લયબધ્ધ શ્વસન સંપૂર્ણ સ્વાસ્થ્યનો કાર્યક્રમ યોગ હોલ બ્લોક નં. ૮ની પાછળ જુના સચિવાલય ખાતે સવારે ૮ થી ૯ કલાક દરમિયાન કરાશે.

## આઈ લવ માય ગાંધીનગર



**કૃપા ભટ્ટ**
અધ્યાપક, અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજ

**ગાંધીનગર ગમે**
કુદરતી સુંદરતા, માનવસર્જિત સગવડતા, મોકળાશ, સ્વસ્થ વાતાવરણ અને કલા, શિક્ષણ, સંસ્કૃતિપ્રેમી નાગરિકોને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**
શિક્ષિત, શિસ્તબદ્ધ, સ્ટેટ ફૉરવર્ડ અને સેવાભાવી નગરજનો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
નગરની કલા અને સેવા પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે. કડી સર્વ વિશ્વવિદ્યાલય, પ્લગ ઈન્સ ઍન્ટરટેઈનમૅન્ટ્સ, જી ઈ ક્લબ, ગ્રો ફાઉન્ડેશન, જુનિયર સિટિઝન કાઉન્સિલ જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓથી પ્રભાવિત છું.


**નગરને બહેતર બનાવવા**
કલાની બાબતોમાં જેમ યુવાઓનું યોગદાન વધુ છે તેમ સેવા અને શહેરના સંચાલનની બાબતોમાં પણ યુવાઓનું યોગદાન વધે તેવા પ્રયાસો કરવા જરૂરી જણાઈ રહ્યા છે.

**નગર માટે હું કરી શકું**
શિક્ષણના સઘળા ઉપક્રમો માટે મારી સહાય નગરને પૂરી પાડવા માટે હું તૈયાર, તત્પર છું.

# નવા સેકટરોમાં વિઘ્નહર્તાનું રંગેચંગે આગમન

## સે-૩ડીમાં ડીજેના તાલે યુવાનો ઝુમ્યા : સે-૫-એમાં 'ગ્રીન હાઉસ' થીમ સાથે પર્યાવરણ જતનનો સંદેશ : શરણ રેસિડેન્સી ખાતે રકતદાન સાથે સ્વાઈન ફલુના ઉકાળાનું વિતરણ

સેકટર-૮-બી આમ્રકુંજ સોસાયટી



સેકટર-૩-ડી યુવક મિત્ર મંડળ



સેકટર-૭બી યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ





સેકટર-૫-એ, ગૂંજ ફાઉન્ડેશન



સે-૫-બી જય ગોગા યુવક મંડળ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં આજે વિઘ્નહર્તાનું ભાવભર્યું સ્વાગત સાથે શ્રધ્ધાપૂર્વક સ્થાપન કરવામાં આવ્યું હતું. શહેરના નવા સેકટરોમાં પણ શ્રીજીની સવારી ધામધૂમપૂર્વક નીકળી હતી અને ઘરે ઘરે ગણપતિની પધરામણી થવા પામી છે. શહેરમાં સે-૩-ડી, સે-૫-બી, સે-૬, સે-૭ વગેરેમાં સાર્વજનિક આયોજનો તથા અનેક શ્રધ્ધાળુઓના ઘરે ગણપતિ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

● સેકટર-૩-ડી યુવક મિત્ર મંડળ

સેકટર-૩-ડીના ગણેશચોક ખાતે યુવક મિત્ર મંડળ દ્વારા વિશાળ પંડાલમાં ગણેશ મહોત્સવનું આયોજન કરાયું છે. અહીં સવારે ૭.૩૦ કલાકે પ્લોટ નં. ૧૪૯૪/૨ ખાતેથી ગણેશજીની મૂર્તિ સાથે શોભાયાત્રા ભારે ધામધૂમપૂર્વક નીકળી હતી. જેમાં યુવાનોએ ડીજેના તાલે ડાન્સ કરવા સાથે ફટાકડા ફોડી આનંદોત્સવ મનાવ્યો હતો. શોભાયાત્રા સેકટર-૩ના આંતરિક માર્ગો પર ફરી હતી. જેમાં સેકટરવાસીઓ ભાવપૂર્વક જોડાયા હતા.

● સેકટર-૮-બી આમ્રકુંજ સોસાયટી

ગાંધીનગરના સેકટર-૮-બીમાં આમ્રકુંજ સોસાયટી ખાતે પણ ગજાનંદ ગણપતિનું સ્થાપન કરવામાં આવ્યું છે. આ સોસાયટીમાં ગણેશ મહોત્સવમાં આસપાસની સોસાયટીના રહીશો પણ એકત્ર થાય છે.

● સે-૫-બી જય ગોગા યુવક મંડળ

સેકટર-૫-બીમાં ભવ્ય શોભાયાત્રા સાથે જય ગોગા યુવક મંડળ આયોજિત ગણેશ ઉત્સવમાં ગણેશજીની પ્રતિમાનું સ્થાપન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવના આયોજન માટે મોટી સંખ્યામાં યુવાનો જોડાયા છે અને આ વિસ્તારની જનતા શ્રધ્ધાપૂર્વક ઉત્સવમાં સામેલ થાય છે.

● સે-૫બી વિનાયક યુવક મંડળ

સેકટર-૫-બીમાં વધુ એક યુવાનો દ્વારા કરાયેલ આયોજનમાં મહાકાળી મંદિરથી ગણેશજીની શોભાયાત્રા નીકળી હતી. વિનાયક યુવક મંડળ દ્વારા આયોજિત આ ગણેશ ઉત્સવમાં વહેલી સવારે યોજાયેલી શોભાયાત્રાના રહીશોએ ભાવપૂર્ણ દર્શન કર્યા હતા.

● સેકટર-૫-એ, ગૂંજ ફાઉન્ડેશન

સેકટર-૫-એમાં ગૂંજ ફાઉન્ડેશનના યુવા સમાજસેવી સ્વયંસેવકો દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ગણપતિ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. અહીં દર વર્ષે વિવિધ થીમ આધારિત ગણેશજીના મંડપનું સુશોભન કરાય છે. આ વર્ષે યુવાનોએ 'ગ્રીન હાઉસ' થીમ દ્વારા પર્યાવરણના જતનનો સંદેશ આપતી પ્રેરક થીમ સાથે સુશોભન કર્યું છે જે દર્શનાર્થીઓને વિશેષ આકર્ષી રહ્યું છે.

● સેકટર-૭બી યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ

સેકટર-૭માં યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત સાર્વજનિક ગણેશ મહોત્સવમાં ગણેશજીની નયનરમ્ય ચતુર્ભુજ સ્વરૂપની મૂર્તિનું સ્થાપન કરાયું છે. અહીં પાંચ દિવસ દરમિયાનના ઉત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

### રકતદાન સાથે શ્રીજીનું સ્થાપન




ગાંધીનગરના ગુડા વિસ્તાર સરગાસણ ચાર રસ્તા નજીક શરણ રસિડેન્સી ખાતે સતત બીજા વર્ષે હેપ્પી યુથ કલબ દ્વારા ગણેશ સ્થાપન પ્રસંગે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે અહીં સ્વાઈન ફલુ પ્રતિરોધક આયુર્વેદિક ઉકાળાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. રકતદાન કેમ્પમાં કુલ ૧૧ બોટલ રકત એકત્ર કરાયું હતું. જેમાં મહિલા રકતદાતાઓનો ફાળો સવિશેષ રહ્યો હતો. રકત એકત્ર કરવાની સેવા કલોલની ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા આપવામાં આવી હતી.

## વાતવાતમાં

● શહેરમાં ઠેર ઠેર ગણેશજીની શોભાયાત્રાઓ નીકળી હતી. સેકટર-૨૧માં એક દાતાએ ગણપતિ શોભાયાત્રામાં જોડાયેલા તમામ શ્રધ્ધાળુઓને ગરમીના વાતાવરણમાં 'ફ્રુટી' પીવડાવી ઠંડક પહોંચાડી હતી.

### બેસણું

સ્વ. ધ્રુવીલ કૌશલ સેલતનું બેસણું બપોરે ૨ થી ૫ બાલાજી મંદિર, સે-૧૬, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.

### દુઃખદ અવસાન

ગાંધીગરની દૂધ વાપરનારાઓની સહકારી મંડળીના મેનેજીંગ ડિરેકટર રાજુભાઈ પંચોલીના પિતા શ્રી સીતારામભાઈ પંચોલીનું આજે સવારે દુઃખદ નિધન થવા પામ્યું છે. પરમ કૃપાળુ પરમાત્મા સદગતના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

### ચિરવિદાય

- સ્વ. ઠાકોર ચતુરજી બબાજી, ઉ.વ. ૪૫
- સ્વ. વિક્રમસિંહ દલપતસિંહ ચાવડા, ઉ.વ. ૬૦
- સ્વ. સિતારામ ચુનીલાલ પંચોલી, ઉ.વ. ૮૦
- સ્વ. શકરીબેન ભુરાજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. આંચલબેન રમેશજી ઠાકોર, ઉ.વ. ૧
- સ્વ. પંડયા કિશોરકુમાર હિંમતલાલ, ઉ.વ. ૩૫